૧૨૯ તાલુકાઓમાં સાર્વત્રિત વરસાદ

ઉમરપાડા તાલુકામાં સૌથી વધુ નવ ઇંચ વરસાદ : સવારના ગાળામાં જ ખેરગામમાં બે કલાકમાં બે ઇંચથી વધુ વરસાદ : સુરત, તાપી, ડાંગમાં ભારે વરસાદ નોંધાશે

અમદાવાદ,તા.૬

દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ અકબંધ રહ્યો છે. સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં હળવો વરસાદ થયો છે. ગુજરાતમાં ૧૨૯થી વધુ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. આજે નવસારી જિલ્લાના ખેરગામ તાલુકામાં બે કલાકમાં બે ઈંચથી વધુ વરસાદ પડી ગયો હતો. ડાકોર, વલસાડ, સુરત, મહુવા, વાપી સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ થયો છે. દક્ષિણ ગુજરાતમાં અને ખાસ કરીને સુરતમાં ઉલ્લેખનીય વરસાદ થયો છે. પચંમહાલ, મહિસાગર, છોટા ઉદેપુર, દાહોદ, નવસારી, ડાંગ, વલસાડ અને તાપીમાં ભારે વરસાદ થયો છે. દક્ષિણ ગુજરાતના વિવિધ ભાગોમાં વરસાદી માહોલ હાલ જારી રહી શકે છે. બીજી બાજુ હવામાન વિભાગે સુરત, તાપી, ડાંગમાં ભારેથી અતિભારે વરસાદની ચેતવણી જારી કરી છે. રાજયના ૩૨ તાલુકાઓમાં ક્યાંક ધોધમાર તો ક્યાંક ઝરમર વરસાદ વરસી રહ્યો છે. બે કલાકમાં નવસારી જિલ્લાના ખેરગામ તાલુકામાં ૪૦ મીમી એટલે કે પોણા બે ઈંચ અને દાહોદ જિલ્લાના ગરબાડામાં બે કલાકના સમયગાળા દરમિયાન ૩૫ મી.મી. એટલે કે દોઢ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. જયારે વલસાડ, ધરમપુર, દાહોદ અને ગણદેવી તાલુકામાં અડધા ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. તે ઉપરાંત અન્ય ૨૫ તાલુકાઓમાં અડધા ઈંચથી ઓછો વરસાદ વરસ્યો હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. રાજયનાં ૧૨૯ તાલુકાઓમાં છેલ્લાં ચોવીસ કલાકમાં વરસાદ વરસ્યો હતો. ક્યાંક ઝરમર તો ક્યાંક ધોધમાર વરસાદ વરસ્યો હતો. સુરત, નવસારી અને પંચમહાલ જિલ્લામાં વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલ મળી રહ્યાં છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તારીખઃ ૦૬/૦૭/૨૦૧૯ના રોજ સવારે છ કલાકે પુરા થતાં ૨૪ કલાક દરમિયાન સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકામાં ૨૨૦ મી.મી. એટલે કે ૯ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. જ્યારે જાંબુઘોડામાં પાંચ ઈંચ (૧૫૪ મી.મી) અને ચિખલી તાલુકામાં ૧૩૭ મી.મી એટલે કે સાડા ચાર ઈંચથી વધુ વરસાદ વરસ્યો હતો. રાજ્યનાં ૨૫ તાલુકાઓમાં બે ઈંચ થી ચાર ઈંચ સુધીનો વરસાદ વરસ્યો હતો. આમ, રાજયના કુલ ૧૨૯ તાલુકાઓમાં વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. આ ઉપરાંત ગણદેવી, બોડેલી, અને વાંસદામાં ચાર ઈંચથી વધુ, મહુવા(સુરત), વઘઈ, વ્યારા, સુરત શહેરા, દોલવાણ, ચુડા, છોટાઉદેપુર, સિંગવાડ, લીમખેડા, ઉચ્છલ અને વાપી મળી કુલ ૧૧ તાલુકાઓમાં ત્રણ ઈંચથી વધુ અને ૪ ઈંચથી ઓછો વરસાદ વરસ્યો હતો. જ્યારે કામરેજ, મોરવા હડફ, દાહોદ, માંગરોળ, સુબીર, બારડોલી, વાલોદ, માંડવી(સુરત), જલાલપોર, નવસારી અને આહવા મળી કુલ ૧૧ તાલુકાઓમાં બે ઈંચથી વધુ વરસાદ વરસ્યો હતો. જયારે ગોધરા, ઝાલોદ, ખેરગામ, માલપુર, ઘોઘંબા, બાલાસિનોર, ફતેપુરા, નિઝર, સોનગઢ, કુકરમુંડા, કડાણા, વાલીયા, સાગબારા, ક્વાંટ, ગરબાડા, સંજેલી, સંતરામપુર, ઓલપાડ, મેઘરજ, લીમડી, વાઘોડિયા, ખંભાત, ગળતેશ્વર, વાગરા, આમોદ, જેતપુર પાવી, હાલોલ, ધાનપુર, મહુવા(ભાવનગર), નેત્રાંગ, નાંદોદ, ચોર્યાસી, વલસાડ, સંખેડા અને લુણાવાડા મળીને કુલ ૩૫ તાલુકાઓમાં એક ઈંચથી વધુ અને બે ઈંચથી ઓછો વરસાદ તેમજ અન્ય ૨૨ તાલુકાઓમાં અડધા ઈંચથી એક ઈંચ સુધીનો વરસાદ વરસ્યો હતો. જયારે ૪૩ તાલુકાઓમાં અડધા ઈંચથી ઓછો વરસાદ વરસ્યો હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે.

આર્ટ્સ કોલેજ ખેડબ્રહ્માના એનસીસી વિભાગ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ડી.ડી. ઠાકર આર્ટસ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ ખેડબ્રહ્મામાં તા. ૩-૭-૨૦૧૯ના રોજ એનસીસી વિભાગ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ૧૨૧ રોપાઓ એનસીસીના કેડેટ દ્વારા રોપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં કોલેજના એન.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. કે.ડી. પટેલ અને ડૉ. જે.એસ. રાઠવા તથા સ્ટાફ પ્રતિનિધિ ડૉ. વી.સી. નીનામા સાથે સમગ્ર સ્ટાફ ઉપસ્થિત રહ્યો અને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન સંસ્થાના આચાર્ય એન.ડી. પટેલના માર્ગદર્શનમાં એનસીસી ઓફિસર લેફ્ટનેન્ટ દિલીપ બી. સોંદરવાએ કર્યું હતું.

ભારે ઉત્સાહની વચ્ચે ભાજપ સભ્ય નોંધણી અભિયાન શરૂ

રૂપાણી ,જીતુ વાઘાણી અને અન્યો દ્વારા શુભારંભ : ૧૧ સભ્યોથી શરૂ કરીને ૧૧ કરોડ સભ્યો સુધીની મજલ કાર્યકરોની અથાગ મહેનત-ભાગીરથ પ્રયાસોનુ પરિણામ

અમદાવાદ, તા. ૬

દરમિયાન ભાજપના પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીએ

ભાવનગર મહાનગર ખાતે ઉપસ્થિત રહીને ભાજપના સભ્ય નોંધણી અભિયાનનો પ્રારંભ કરાયો હતો. રાજ્યના જુદા જુદા ભાગોમાં વરિષ્ઠ નેતાઓ દ્વારા આ અભિયાનની શરૂઆત કરાવવામાં આવી હતી. વાઘાણીએ કહ્યુ હતુ કે ૧૧ સભ્યોથી શરૂ કરીને ૧૧ કરોડ સભ્યો સુધીની આ મજલ કાર્યકરોની અથાગ મહેનત અને ભાગીરથ પ્રયાસોનુ પરિણામ છે. વાઘાણીએ કહ્યુ હતુ કે આજનો દિવસ એ ભાજપના કાર્યકરો માટે મોટો દિવસ છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજરોજ અમદાવાદ ખાતે ઉપસ્થિત રહી સદસ્યતા વૃધ્ધિ અભિયાન તેમજ સદસ્યતા વૃધ્ધિ અભિયાનના ગુજરાતી થીમ સોંગનું લોન્ચીંગ કર્યુ હતુ. ભાજપાના સદસ્યતા અભિયાનનો શુભારંભ કરાવતાં રૂપાણીએ જણાવ્યુ હતુ કે, કાશ્મીરમાં દો વિધાન, દો પ્રધાન અને દો નિશાનની વિરૂધ્ધમાં આંદોલન કરતાં પોતાના પ્રાણની આહુતિ આપનાર ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીની આજે ૧૧૮મી જન્મજયંતિ નિમિત્તે આજરોજ ભાજપાના સંગઠન પર્વનો શુભારંભ થઈ રહ્યો છે, ત્યારે આપણા માટે એક ગૌરવપૂર્ણ વાત છે. રાષ્ટ્રપ્રથમની વિચારધારા માટે પોતાના પ્રાણની આહુતિ આપનાર ડૉ. શ્યામાપ્રસાદજીનું બલિદાન ક્યારેય એળે નહીં જાય. કાશ્મીર ભારતનું અવિભાજ્ય અંગ છે અને રહેશે તેના માટે ૩૭૦ની કલમ ભાજપા દુર કરીને રહેશે. રૂપાણીએ કોંગ્રેસને આડેહાથ લેતાં જણાવ્યુ હતુ કે, કોંગ્રેસ કરતાં ભાજપાનું સંગઠન ખૂબજ અલગ છે. કેટલાય શહેરોમાં કોંગ્રેસના કાર્યાલય અને સંગઠનનો જ અભાવ છે. કોંગ્રેસમાં તો કાર્યકરોને લગતા કાર્યક્રમનો જ અભાવ છે. કોંગ્રેસ એટલે માત્ર સત્તા માટે હવાતિયા મારતું ટોળું છે, જ્યારે ભાજપા માટે સત્તા એ સેવાનું માધ્યમ માત્ર છે. ભાજપા પંચનિષ્ઠામાં માનનારો પક્ષ છે.

પાલનપુરની આદર્શ ક્રેડિટ સોસાયટીનું ઉઠમણું

પાલનપુર

પાલનપુર ખાતે કીર્તિસ્તંભ વિસ્તારમાં આવેલી આદર્શ ક્રેડિટ સોસાયટીનું ઉઠમણું થતાં ગ્રાહકોના કરોડો રૂપિયા સલવાઈ ગયા છે. જિલ્લામાં અગાઉ પણ ત્રણ જેટલી ક્રેડિટ સોસાયટીઓનું ઉઠમણું થયું છે.

પાલનપુરમાં વધુ એક ક્રેડિટ સોસાયટીએ ઉઠમણુ કર્યું છે. કીર્તિસ્તંભ વિસ્તારમાં આવેલી આદર્શ ક્રેડિટ સોસાયટીએ ઉઠમણું કર્યું છે. જેમાં લોકોના કરોડો રૂપિયા સલવાયા છે. આ અંગે સોસાયટીમાં નાણાં નું રોકાણ કરનારા ગ્રાહક ધનેશભાઈએ જણાવ્યું હતું કે, બનાસકાંઠામાં ડીસા, ધાનેરા, પાલનપુરમાં આદર્શ ક્રેડીટ સોસાયટીની શાખાઓ આવેલી છે. હજારો ગ્રાહકો આ આદર્શ ક્રેડીટ સાથે સંકળાયેલા છે. લોકોએ પોતાની પરસેવાની કમાણીના પૈસા મૂક્યા છે. જોકે, આદર્શ ક્રેડીટ સોસાયટીનું મેનેજમેન્ટ છે તેને સગા વાલાઓને લોન આપી દીધી છે. લોકોના જે પૈસા હતા તેમાંથી લોનો આપી અને આ લોન રિકવર ન થતાં આખરે બનાસકાંઠાના ગરીબ ગ્રાહકોના પૈસા સલવાયા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, બનાસકાંઠામાં ખેતેશ્વર બાદ અર્બુદા અને હવે આદર્શ ક્રેડીટ સોસાયટીએ ઉઠમણુ કર્યુ છે. બનાસકાંઠાના લોકોના કરોડો રૂપિયા લઈને આવી કંપનીઓ ફરાર થઈ જાય છે. તેને મોટાભાગે રાજસ્થાની કંપનીઓ ઊંચા વ્યાજની લાલચ આપી અને લોકો સાથે છેતરપિંડી કરતી લેભાગુ કંપનીઓ પર વિશ્વાસ કરતા હોય છે. અને પોતાના પરસેવાના નાણાં ગુમાવતા હોય છે ત્યારે ચોક્કસ સરકાર હવે એક પોલિસી નક્કી કરવી પડશે કારણ કે આગામી સમયમાં આ પ્રકારે કોઈ ગરીબોના નાણાં સલવાઈ નહીં.

ધનસુરા તાલુકાના રમોસ મુકામે ૨૧૦૦ વૃક્ષોનું વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ધનસુરા, તા. ૬

ધનસુરા તાલુકાના રમોસ ગામે મદદગાર પરિવાર શિવેન ફાઉન્ડેશન અને સદભાવના ગ્રુપ ગાંધીનગર દ્વારા રમોશ ગામે ૨૧૦૦ વૃક્ષોનું વાવેતર કરી તેની જાળવણી કરવાની પ્રતિજ્ઞા ગ્રામજનો અને વિદ્યાર્થીઓએ લીધી. આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય (માણસા) અમિતભાઈ ચૌધરી હિમાંશુભાઈ પટેલ (પુંસરી) શ્રેષ્ઠ સરપંચ સરકાર તથા પવનભાઈ ચૌધરી (યુવા મંત્રી પ્રદેશ ભાજપ)ની અધ્યક્ષતામાં રમોસ ગ્રામ પંચાયત વતી રમોસ હાઈસ્કૂલમાં ઉજવવામાં આવ્યો. આ પ્રસંગે મહેમાનોનું સ્વાગત પુષ્પગુચ્છ શાલ અને ગીતા ભેટ આપી ગ્રામજનો દ્વારા કરવામાં આવ્યું હતું. સ્વાગત પ્રવચન ભાવેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. સૌ આમંત્રિતોને આવકાર્યા હતા. આ પ્રસંગે હિમાંશુભાઈ પટેલ (પુંસરી) શ્રેષ્ટ સરપંચ ભારત સરકારનું સન્માન સરપંચ રેખાબેન ભાવેશભાઈ ચૌધરીએ પુષ્પગુચ્છ શાલ અને મોમેંટો અર્પણ કરી કર્યું સમગ્ર ગ્રામજનો આ પ્રસંગે ઉપસ્થિત રહી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

મહેમાનોના હસ્તે ગ્રામજનો અને વિદ્યાર્થીઓને વૃક્ષોઅર્પણ

કરવામાં આવ્યા. આ પ્રસંગે પવનભાઈ ચૌધરી જણાવ્યું હતું કે ચાલુ વર્ષે એક લાખ વૃક્ષો વાવવાનો લક્ષાંક રાખેલ છે. રમોસ ગામને ૨૧૦૦ વૃક્ષો વાવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે તેમને હિમાંશુભાઈના કાર્યોની પ્રશંસા કરી હતી. આ વૃક્ષારોપણ કાર્યક્રમ હિમાંશુભાઈ પટેલ સમગ્ર સમાજની ચિંતા કરનારના શેઠ હરિકાકાને યાદ કરી તેમના કાર્યોની પ્રશંસા કરી હતી. દરેક લોકોએ વૃક્ષ ઉછેર માટે જનઆંદોલન રૂપે કામ કરવા આહ્વાન કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સ્વચ્છતા અભિયાનને લોકોએ જનભાગીદારીરૂપે લેતા આજે તેના પરિણામો આપણે જોઈ રહ્યા છીએ. ગામને આગળ લઈ જવું હોય તો સો ટકા સહકાર મળવો જોઈએ. આદર્શ ગામ અને સ્માર્ટ ગામો ઈન્ડિયા અને ભારત જેટલો ફરક છે. આ પ્રસંગે ઈન્ફો ફ્રેન્ડલી પેન્સિલ લોન્ચિંગ કરી બાળકોને વિતરણ કરવામાં આવી જેમો છોડના બીજ આપેલ હોય પેન્સિલ પુરી થાય ત્યારે તેને રોકવાથી છોડ ઉગી નીકળે છે. અંતમાં અમિતભાઈ ચૌધરીએ વૃક્ષોનું જતન કરવા માટે પ્રેરિત કર્યો અને વૃક્ષો ના કાપવા માટે જાગૃતિ લાવવા માટે પ્રેરણા આપી.

બાયડ પ્રાંત કચેરીમાં વૃક્ષા રોપણ : કચેરીમાં ફરજ બજાવતા દરેક કર્મચારીની એક વૃક્ષના રક્ષણની જવાબદારી

બાયડ, તા. ૬

વિકાસની આંધળી દોટ પાછળ માનવી વૃક્ષોનું નિકંદન કાઢી

ફેલાવવા પ્રાંત કચેરીમાં વૃક્ષા રોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીઓએ ફરજીયાત એક વૃક્ષ દત્તક લેવાની એટલેકે વૃક્ષ ઉછેરવાની અને રક્ષણ કરવાની જવાબદારી સોંપી હતી.

અરવલ્લીની ગીરીમાળાઓમાં વૃક્ષોનું ભારે નિકંદન થઈ રહ્યું છે. શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ઘટાદાર વૃક્ષોની વિકાસના નામે ઘોર ખોદી નાખી છે. બાયડ પ્રાંત અધિકારી ડૉ.નવનાથ ગવ્હાણે પર્યાવરણ બચાવવા અનોખી મુહિમ ઉપાડી છે અને તેમના વિસ્તારમાં વૃક્ષા રોપણ અંગે જાગૃતિ ફેલાય તે માટે લોકોને વૃક્ષ વાવવા અને જતન કરવા અનુરોધ કરી રહ્યા છે. બાયડ પ્રાંત કચેરીમાં વિવિધ વૃક્ષ વાવી કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીને એક વૃક્ષ ઉછેરની જવાબદારી સોંપી પર્યાવરણ બચાવવા અનોખી પહેલ કરી હતી. પ્રાંત અધિકારી ડૉ.નવનાથ ગવ્હાણે ની પર્યાવરણ બચાવો ઝુંબેશમાં હઠીપુરા ગ્રામ પંચાયતે પણ ગામમાં ૧ હજાર વૃક્ષ વાવવા માટે કટિબદ્ધ બની હતી અને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવા માટે પ્રાંત અધિકારીને લેખિત જાણ કરી પર્યાવરણ બચાવો અભિયાનને સમર્થન આપ્યું હતું.

દેશના ૮૭ બેસ્ટ પોલીસ સ્ટેશનમાં અરવલ્લીનું આંબલીયારા પોલીસ સ્ટેશન ૬૨માં ક્રમે

વિવિધ માપદંડોના આધારે સર્વે કરાયા પછી કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલયે દેશના ૧૫૬૬૬ પોલીસ સ્ટેશનના જાહેર કરેલા રેન્કીંગમાં ૮૭ બેસ્ટ પોલીસસ્ટેશનમાં ગુજરાત રાજયના ફક્ત ૫ પોલીસ સ્ટેશનનો સમાવેશ થયો છે. અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના આંબલીયારા પોલીસ સ્ટેશનને ૬૨મો ક્રમાંક આપવામાં આવ્યો છે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે દેશભરના ૧૫૬૬૬ પોલીસ સ્ટેશનનો સર્વે કરાવ્યો હતો જેમાં ગુન્હા થતા રોકવા અને ગુન્હામાં ઘટાડો, ગુન્હાની તપાસ, ગુન્હાની તપાસ કરવી, અસામાજિક તત્વો સામે પોલીસ કાર્યવાહી તથા કોમ્યુનિટી પોલીસિંગ, પોલીસ સ્ટેશન બિલ્ડીંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર,પોલીસ કર્મીઓનો લોકો સાથે વ્યવહાર, મેન્યુઅલ રેકર્ડસની સાચવણી અને પોલીસ સ્ટેશનના વિસ્તારમાં આવેલા લોકોના ફીડબેકના આધારે ૮૭ પોલીસ સ્ટેશન દેશના શ્રેષ્ઠ પોલીસ મથક જાહેર કરવામાં આવ્યા હતા.

આ રેન્કિંગમાં ગુજરાતના માત્ર ૫ પોલીસ સ્ટેશનનો સમાવેશ થયો હતો. કપડવંજ રૂરલ ૨૭ માં નંબરે, જૂનાગઢનું મેંદરણા પોલીસ સ્ટેશન ૨૯ મો ક્રમાંક, અમદાવાદનું વિઠ્ઠલપુર પોલીસ સ્ટેશન ૫૭માં નંબરે, અરવલ્લી જીલ્લાનું આંબલીયારા પોલીસસ્ટેશન ૬૨માં ક્રમાંક અને ડાંગના આહવા પોલીસસ્ટેશનને ૭૪મો રેન્કિંગ આપવામાં આવ્યો છે.

"સહી પોષણ-દેશ રોશન"ના સંકલ્પ સાથે મહેસાણા જિલ્લાકક્ષાનો સુપોષણ ચિંતન સમારોહ યોજાયો

મહેસાણા, તા. ૬

"સહી પોષણ દેશ રોશન"ના સંકલ્પ સાથે મહેસાણા જિલ્લાકક્ષાના ચિંતન સમારોહમાં

સાંસદ શારદાબેન પટેલે જણાવ્યું હતું કે સ્વચ્છતા, પોષણ અને શિક્ષણ થકી રાષ્ટ્રનો વિકાસ શક્ય છે. આ ત્રણેય પાયાની બાબતોને આંગણવાડી કર્મયોગી બહેનોને ધ્યાનમાં રાખવા અપીલ કરી હતી.

સાંસદ શારદાબેન પટેલે ઉમેર્યું હતું કે કોઈપણ રાજ્ય-રાષ્ટ્રના વિકાસમાં નાગરિકો-પ્રજાજનોની તંદુરસ્તીને મહત્વનું પરિબળ છે. તેમણે પોષણ અભિયાનના વ્યાપક લાભ જિલ્લાના તમામ વિસ્તારો સહિત ખૂણે-ખૂણે પહોંચાડવા અપીલ કરી હતી તેમણે આવનારી પેઢી પોષણક્ષમ-સજ્જ રહે એની ચિંતા અને જવાબદારી માત્ર સરકાર જ નહિ, સમાજ સમસ્ત અને જન-જન એ ઉપાડીને આ પોષણ અભિયાનને સફળ બનાવે તે સમયની માંગ છે તેમ જણાવ્યું હતું.

જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી શીલાબેન પેટેલ જણાવ્યું હતું કે ભવિષ્યની માતા-દિકરીઓ અને બાળકોની તંદુરસ્તી-સુખાકારી માટે સૌની જાગૃતિ જરૂરી છે તેમણે બાળક, સગર્ભા ધાત્રી માતા, કિશોરીઓની તંદુરસ્તી પોષણ સજ્જતા માટે આ પોષણ અભિયાન ઉપયુકત બનશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

જિલ્લા કલેકટર એચ.કે. પટેલે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ૮મી માર્ચે રાજસ્થાનના ઝૂઝૂનથી રાષ્ટ્રવ્યાપી પોષણ મિશનનો આરંભ કરાવેલ છે. મેહસાણા જિલ્લો પણ સુપોષણ અભિયાન માટે સજ્જ બન્યો છે.

ધારાસભ્ય આશાબેન પટેલે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે કુપોષણની સામે સુવ્યવસ્થિત આયોજન દ્વારા કુપોષણ સામેના જંગમાં મહેસાણા જિલ્લો અગ્રેસર રહેશે. આ અભિયાનમાં આંગણવાડી બહેનોની ભૂમિકા સૌથી મહત્વની છે તેમ જણાવ્યું હતુ.

ધારાસભ્ય રમણભાઈ પટેલ, કરશનભાઈ સોલંકીએ આંગણવાડી બહેનોને સુપોષિત ગુજરાતના નિર્માણમાં શ્રેષ્ઠ પ્રદાન આપવા અનુરોધ કર્યો હતો.

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૮ માર્ચ-૨૦૧૮ રાજસ્થાનથી આ અભિયાનનો શુભારંભ કર્યો હતો અને દેશભરના ૭૧૮ જિલ્લાઓને આવરી લેવાનું આયોજન કરાયું હતું. તે પૈકી ૫૫૦ જિલ્લાઓ આવરી લેવાયા છે, અને જાન્યુઆરી-૨૦૧૯ સુધીમાં બાકીના ૧૬૮ જિલ્લાઓ આવરી લેવાનું આયોજન છે.

પાલનપુર રેલવે સ્ટેશને ફરતા ફેરીયાઓ સામે આરપીએફ પોલીસની લાલ આંખ

પાલનપુર રેલવે સ્ટેશને ગેરકાયદે ફરતા ફેરીયાઓ સામે આરપીએફ પોલીસે લાલ આંખ કરી છે. જેમણે છ માસમાં કુલ ૫૧૬ ફેરીયાઓ સામે કાર્યવાહી કરી સ્ટેશનમાં સ્વચ્છતા રહે, ચોરીના બનાવો ન બને તે માટે પગલા ભરવામાં આવ્યા છે.

પાલનપુર રેલવે સ્ટેશને ગેરકાયદે ફરતા ફેરીયાઓ સામે આરપીએફ પોલીસે લાલ આંખ કરી છે. આ અંગે આરપીએફ પીઆઈ નિતિન ગુર્જરે જણાવ્યું હતુ કે, મહા નિર્દેશક અરૂણકુમાર, આઈજી પ્રધાન, મુખ્ય સુરક્ષા આયુકત એ. કે. સિંગ, વરિષ્ઠ મંડળ સુરક્ષા આયુકત સૈયદ સરફરાજ અહેમદની સૂચનાથી પાલનપુર રેલવે પોલીસ મથકે મુસાફરોને સારો ખોરાક મળી રહે, સ્ટેશનમાં સફાઈ રહે, ચોરીના બનાવ ન બને તે માટે અનઅધિકૃત રેલવે ટ્રેક ઉપર ફરી ચોરી- છુપી ગેટમાં પ્રવેશ કરનારા, લાયન્સ વગરના ફેરીયાઓ વગર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં છેલ્લા છ માસમાં કુલ ૫૧૬ ફેરીયાઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે.

જન્મદિને વધામણી

જીગર ઠાકોર
મો. ૭૩૫૯૦ ૬૭૮૮૮

ચેરમેન તરીકે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નવનિયુક્ત ચેરમેન કાળિદાસ પટેલ દ્વારા આ હોદેદારાની ફરીથી સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી છે. બેંકના ચેરમેન પદ માટે તેમના પર બોર્ડ ઓફ ડિરેકર્સે વિશ્વાસ મુકી તેમની વરણી કરી તે બદલ કાળિદાસ પટેલે તેમના નિર્ણયને આવકારી આભારની લાગણી વ્યકત કરી હતી. આ તબક્કે તેમણે બેંક દિનપ્રતિદિન વિકાસ અને પ્રગતિના પંથે આગળ વધે તેવી કામગીરી કરવાની પણ સભાસદોને ખાત્રી આપી હતી.

સંકટના વાદળો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ધારાસભ્યોનું રાજીનામાંની સત્તાવાર પુષ્ટિ કરી હતી.

કર્ણાટક વિધાનસભાના સ્પીકર રમેશ કુમારે જણાવ્યું કે, હું મારી દીકરીને લેવા જવાનો હોવાથી ઘરે જવા નિકળ્યો હતો. મારી ઓફિસમાંથી મને ધારાસભ્યો રાજીનામા આપવા આવ્યા હોવાની માહિતી મળી હતી. મે ઓફિસમાં રાજીનામા મળ્યાની ખાતરી આપવા જણાવી દીધું છે. આવતીકાલે રજા હોવાથી હું ૧૧ ધારાસભ્યોને સોમવારે મળી શકીશ.

અર્થતંત્ર

● અનુસંધાન પહેલાનું ચાલુ

પરિવારની આવક જેટલી વધારે રહેશે તેટલા જ પ્રમાણમાં સભ્યોની આવક પણ વધારે રહેશે. મોદીએ કહ્યું હતું કે, આજે જેટલા વિકસિત દેશો છે તે પૈકી મોટા ભાગના ઈતિહાસ પર નજર કરવામાં આવે તો એક સમયમાં પ્રતિવ્યક્તિ આવક આ દેશોમાં પણ વધારે ન હતી. પરંતુ એક સારો તબક્કો આવ્યો હતો. સમયમાં પ્રતિવ્યક્તિ આવકમાં વધારો થયો છે. આ એ જ સમય હતો જ્યારે વિકાસશીલ દેશો વિકસિત ક્ષેણીમાં આવી ગયા હતા. ભારત હવે યુવા દેશ અને લક્ષ્યને હાંસિલ કરવામાં સક્ષમ છે. મોદીએ એમ પણ કહ્યું હતું કે, કેટલાક લોકો છે જે ભારતની ક્ષમતા ઉપર શંકા કરે છે. આ લોકો કહે છે કે, ભારત માટે આ લક્ષ્ય હાંસલ કરવાની બાબત ખુબ મુશ્કેલ છે. મોદીએ કહ્યું હતું કે, આ લોકો કહે છે આની જરૂર શું છે. આ કામ કેમ કરવામાં આવી રહ્યુ છે. આ પ્રકારના લોકો પ્રોફેશનની દ્રષ્ટિથી નિરાશાવાદી બની ચુક્યા છે. સમાજથી સંપૂર્ણ પણે કપાઈ ચુક્યા છે. સામાન્ય લોકોની પાસે જશે તો સમસ્યાઓની સમજી શકાશે. પરંતુ પ્રોફેશન નિરાશાવાદી લોકો વધુ સમસ્યા ઉભી કરે છે. આ લોકો સમાધાનને પણ સંકટમાં બદલી નાખવાનુ કામ કરે છે.

ધોની

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. આ ક્લિપમાં ભારતીય કેપ્ટન વિરાટ કોહલી અને બોલર બુમરાહ પણ વાત કરી રહ્યા છે કે, ધોની કારણે તેમની ક્રિકેટની રમત વધુ ઉભરી આવી છે. કોહલીએ કહ્યું છે કે, ધોની હમેશા શાંત અને ધૈર્યવાન રહે છે. ધોની પાસેથી ઘણુ શીખી શકાય છે. વિરાટ કોહલીનુ કહેવુ છે કે, ધોની હમેશા તેના કેપ્ટન તરીકે હતા અને હમેશા કેપ્ટન તરીકે રહેશે. અમારી પારસ્પિક સમજદારી ખુબ શાનદાર રહી છે. ધોનીની સલાહ અમે આજે પણ ધ્યાનથી સાંભળે છે. બુમરાહે કહ્યુ છે કે, જ્યારે તે ૨૦૧૬માં આવ્યો હતો ત્યારે ધોની કેપ્ટન તરીકે હતો. ટીમ ઉપર તેમના પ્રભાવને જોઈ શકાય છે. ઈંગ્લેન્ડના વિકેટ કીપર બેટ્સમેન બટલરે પણ પોતાના પ્રતિક્રિયા આપી છે. બટલરે કહ્યું છે કે, ધોની મિસ્ટર કુલ તરીકે છે. બટલરનુ એમ પણ કહ્યું છેકે, ધોની હમેશા તેના માટે આર્દશ તરીકે છે. ઈંગ્લેન્ડના ઓલરાઉન્ડર બેન સ્ટોક્સ કહ્યું છે કે, કોઈ પણ ખેલાડી ધોનીની બરાબરી કરી શકે નહી. ધોનીની સાથે આઈપીએલમાં રાઈજિંગ પુણે ટીમથી સ્ટોક્સ રમ્યો હતો. સ્ટોક્સે કહ્યું છે કે, ધોની એક મહાન ખેલાડી છે. શાનદાર વિકેટ કિપર છે. ધોનીની બરોબરી કોઈ કરી શકે તેમ નથી. ધોનીને આજે પણ દુનિયાના સૌથી સારા ફિનિશર તરીકે ગણવામાં આવે છે.